# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-3, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત.
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id: suratdeo@gmail.com

જા.નં./મા-૩/ગ્રાન્ટેડ વર્ગ વધારો/૨૦૨૬/ 8429 તા. 28-૦૬-૨૦૨૬

પ્રતિ,
બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત.

<u>વિષય</u> :- બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૬થી ધો-૯ અને ધો-૧૦ ક્રમિક/વર્ગ વધારા તેમજ ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ વર્ગ વધારાની જાહેરાત પ્રસિદ્ધ કરવા તથા સૂચનાઓ આપવા બાબત.

<u>સંદર્ભ</u> :- નાયબ શિક્ષણ નિયામક (૧૦+૨) ખાસ ઘટક, કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક :-ઉમશ/ઉમા-૩/વ.વ./૨૦૨૬/પરિપત્ર, તા.૧૭-૦૬-૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના તાબા હેઠળની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંદર્ભદર્શિત પત્રથી **<u>ગ્રાન્ટેડ શાળાઓમાં માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જૂન-૨૦૨૬થી ધો.૦૯ અને ધો-૧૦ ક્રમિક/વર્ગ વધારા તેમજ</u> ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ વર્ગ વધારાની જાહેરાત પ્રસિદ્ધ કરવા તથા સૂચનાઓ <u>આપવામાં આવેલ છે.</u> જેમાં શાળા દ્વારા નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ વર્ગ વધારો, ક્રમિક વર્ગ વધારો મેળવવા અંગેની દરખાસ્ત કરવાની રહેશે.**

**<u>સૂચનાઓ</u> :-**

1. જૂન-૨૦૨૬થી બિનસરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ/વર્ગ વધારો માટે કોઈ જ ફી ભરવાની રહેતી નથી. જેની ખાસ નોંધ લેવી. જુન-૨૫થી જે ગ્રાન્ટેડ શાળાઓને ધો-૯ અને ધો-૧૧ વર્ગ કમિશનર શાળાઓની કચેરી દ્વારા આપવામાં આવેલ છે તેમને જુન-૨૬થી ધો-૧૦ અને ધો-૧૨ની વર્ગની મંજુરી આપેલ છે તેમને તે વર્ગ માટે ઓનલાઇન અરજી કરવાની રહેતી નથી. **<u>ક્રમિક/વર્ગ વધારા અંગે જાહેરાત તા.૧૫-૦૬-૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.</u>**
2. શાળા દ્વારા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૫-૦૭-૨૦૨૬નાં રોજ રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઇન એકાઉન્ટ ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઇ જશે.
3. ઓનલાઈન દરખાસ્ત સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષંગિક આધાર-પૂરાવા સાથે દરખાસ્ત કરવાની રહેશે. અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત કરવી નહિ. જેની ખાસ નોંધ લેશો.
4. શાળાએ અરજી કર્યાબાદ નિયમિત રીતે પોતાની ઓનલાઈન અરજી ચકાસતા રહેવુ તથા આપના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના SMS ચકાસતા રહેવુ, જો કોઈ ક્વેરી અંગે ઓનલાઈન અરજી સૂચના/SMS મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પૂર્તતા કરી દરખાસ્ત પુનઃસબમીટ કરવી, જો આવેલ પૂર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ તે માટે આચાર્ય/શાળા મંડળ જવાબદાર રહેશે.

બિડાણ:- ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
પુનિત વનની સામે, સેક્ટર-૧૯,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.—૩૮૨૦૨૧

સત્યમેવ જયતે

ઉમશ/ઉમા-૩/વ.વ./૨૦૨૬/પરિપત્ર

**E-Mail**

તાત્કાલિક/અગત્યનું

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.

**વિષય:-** બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન ૨૦૨૬ થી ધો-૯ અને ધો-૧૦ ક્રમિક / વર્ગ વધારા તેમજ ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ વર્ગ વધારાની જાહેરાતની બહોળી પ્રસિધ્ધિ કરવા તથા સુચનાઓ આપવા બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૬થી ધો-૯ અને ધો-૧૦ ક્રમિક / વર્ગ વધારા તેમજ ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ વર્ગ વધારાની અરજી કરવા અંગેની જાહેરાત તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શાળા દ્વારા વર્ગની ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ૧૫/૦૭/૨૦૨૬અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીએ સ્થળતપાસ કરી અરજી કમિશનર કચેરીને ઓનલાઈન સબમિટ કરવાની છેલ્લી તારીખ-૩૦/૦૭/૨૦૨૬ છે.

આપના જિલ્લાની શાળાઓ વર્ગ વધારા માટેની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે આ સાથે સામેલ રાખેલ જાહેરાતને આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે તમામ શાળાના આચાર્યશ્રી/શાળા સંચાલકશ્રીઓને પરિપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે તેમજ વર્ગવધારાની અરજી અન્વયે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) જૂન-૨૦૨૬ થી બિનસરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ/વર્ગ વધારા માટે કોઇ જ ફી ભરવાની રહેતી નથી જેની ખાસ નોંધ લેવી જુન-૨૫ થી જે ગ્રાંટેડ શાળાઓને ધો-૯ અને ધો-૧૧ વર્ગ કમિશનર શાળાઓની કચેરી દ્વારા આપવામાં આવેલ છે તેમને જુન-૨૬ થી ધો-૧૦ અને ધો-૧૨ ની વર્ગની મંજુરી આપેલ છે તેમને તે વર્ગ માટે ઓનલાઈન અરજી કરવાની રહેતી નથી. તેમજ આ બાબતે શાળાઓને જરૂરી સૂચનાઓ આપશો.

(૨) આપની કચેરી દ્વારા સ્થળતપાસ કરી તેનો અહેવાલ આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ ઓનલાઈન રજૂ કરવાનો રહેશે. શાળાની દરખાસ્ત પરત્વે આપની ભલામણ ન હોય તો વિગતવાર કારણસહીત રીમાર્કસ આપવાના રહેશે.(સ્થળ તપાસ અહેવાલનો નમુનો પોર્ટલ પર છે તે અપલોડ કરવાનો રહેશે.)

(૩) કોઈ પણ ફાઈલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજૂ કરવાની રહેશે નહી.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના લોગઈન આઈડીગત વર્ષ મુજબ જ છે પરંતુ પાસવર્ડ દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી માટે એક સમાન**Cos@2026** રહેશે જે તુરંત જ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પાસવર્ડ Reset(નવો પાસવર્ડ) કરવાનો રહેશે અને તેને ખાનગી રાખવાનો રહેશે. જોઆ પાસવર્ડ લીક થવાથી વર્ગમંજૂરીની દરખાસ્ત અન્વયે કોઇપણ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી રહેશે.

(૫) આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષાંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અધુરાશવાળી/ખૂટતા આધારોવાળી અરજીઓની આપની કક્ષાએથી ચકાસણી કરી, શાળાના એકાઉન્ટમાં પૂર્તતાના રીમાર્કસ સહ પરત કરવાની રહેશે અને શાળા દ્વારા સમયમર્યાદામા પૂર્તતા થયા બાદ જ ઓનલાઈન નિયામકશ્રી,શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી. જેની નોંધ લેશો.

(૬) આપની કક્ષાએથી થનાર પરિપત્રમાં આપના જિલ્લાઓની તમામ શાળાઓને જાણ કરવી કે "શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઈન અરજી ચકાસતાં રહેવું તથા તેઓનાં રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના **SMS** ચકાસતા રહેવું, જો કોઈ ક્વેરી અંગે ઓનલાઈન અરજીમાં સૂચના/**SMS** મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પૂર્તતા કરી દરખાસ્ત પુનઃસબમીટ કરવી, જો આવેલ પુર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય નહી રાખવામાં આવે અને તે માટે શાળામંડળ/આચાર્ય જવાબદાર બનશે."

(૭) તા. ૧૫/૦૭/૨૦૨૬ના રોજ રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઈન એકાઉન્ટ ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઈ જશે.

(૮) આપના જિલ્લાની તમામ અરજીઓ અન્વયે સ્થળ તપાસ કરી, યોગ્ય રિમાર્કસ /નોંધ તેમજ અન્ય વિગતો અને આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ [illegible] સુધીમાં દરખાસ્ત Online સબમીટ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત
આવક નંબર:- 556
તારીખ:- 31-3 નપરિપત્ર

File No: COS/VVG/e-file/276/2026/1947/Higher secondary section
Approved By: Deputy Director,Higher secondary section,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૯) અત્રેની કચેરી તરફથી ક્વેરીમાં મોકલવામાં આવતી દરખાસ્તની વિગતો Copy કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના ક્વેરીના box માં Paste કરવાની રહે ત્યારબાદ શાળાકક્ષાએ મોકલવી જેથી, શાળા ક્વેરીની વિગતો સ્પષ્ટ રીતે જાણી શકે.

(૧૦) જિલ્લા સ્તરે મળેલ ક્વેરી દિન ૦૨ ની સમયમર્યાદામાં રી-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.

(૧૧) આપના જિલ્લાની શાળાઓ દ્વારા દરખાસ્ત કરવાની અંતિમતા.૧૫/૦૭/૨૦૨૬ સુધીમાં કરેલ દરખાસ્તોના એપ્લીકેશન નંબર, શાળાનું નામ, માંગેલ ધોરણ-વર્ગ, પ્રવાહ, માધ્યમ, સંપર્ક નંબર સાથેની વિગત રજિસ્ટર્ડમાં નિભાવવાની રહેશે.

(૧૨) આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત submit ન થાય તેની ખાસ કાળજી લેશો.

(૧૩) શાળાની Online દરખાસ્તો મળતાં જ આપની સ્થળતપાસ તેમજ આનુષાંગિક કાર્યવાહી શરૂ કરી દેવી સબમીશન માટે અંતિમતા.૩૦/૦૭/૨૦૨૬ ની રાહ ન જોતાં દરખાસ્ત Online સબમીટ કરતાં જશો.(નોંધ તા.૩૦/૦૭/૨૦૨૬ પછી કોઇ પણ સંજોગોમાં જિ.શિ.અ કચેરી સબમિટ કરવા માટેની સમયમર્યાદા વધારાવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.)

(૧૪) દરેક જિલ્લા કચેરીએ વર્ગ વધારા માટે એક નોડલ અધિકારી(વર્ગ-૨)ની નિમણૂક કરેલ છે (જો ફેરફાર હોય તો તેના નામ અને મોબાઇલ નંબર અત્રેની કચેરીના ઇ-મેઇલ(ss.umabranch@gmail.com) પર તેમજ ધો-૯ અને ધો-૧૦ માટે ssmadhyamik3@gmail.com પર મોકલી આપવાના રહેશે.) જિલ્લા કક્ષાએ વર્ગ વધારાની કામગીરી અંગે **COS** સાથે સંકલનમાં રહીને કરવાની રહેશે

ઉપરોક્ત વિગતે આપના જિલ્લાની તમામ શાળાઓની વર્ગવધારાની ઓનલાઇન અરજી અન્વયે કાર્યવાહી સમયમર્યાદામાં સુયોગ્યરીતે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક

૧૦+૨ ખાસ ઘટક

ગુ.રા.ગાંધીનગર

બિડાણ : જાહેરાત (તા.૧૫/૦૬/૨૦૨૬)

**કમિશનર, શાળાઓની કચેરી,**

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેક્ટર-૧૯**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

રાજ્યની બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં **જૂન-૨૦૨૬થી ધોરણ – ૯ અને ૧૦ના વર્ગ વધારા તથા ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગ વધારા તથા ક્રમિક વર્ગ વધારાની મંજૂરી મેળવવા** માટે ઓનલાઈન અરજી કરવા નીચે મુજબની પ્રક્રિયા કરવા સંબંધિતોને જણાવવામાં આવે છે.

(૧) **બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક** શાળાઓમાં જૂન-૨૦૨૬ થી ધોરણ – ૯ અને ૧૦ના વર્ગ વધારા તથા ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગ વધારા તથા ક્રમિક વર્ગ વધારાની મંજૂરી મેળવવા માટે **https://varg-vadharo.gujaratvsk.org/** લિંક પર જઈ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.અરજી કરવાની છેલ્લી તારીખ. ૧૫ જુલાઈ ૨૦૨૬ રહેશે, અરજી માત્ર ને માત્ર ઓનલાઈન કરવાની રહેશે.

(૨) ઓનલાઈન અરજી કરવા અંગેની સૂચનાઓ **https://varg-vadharo.gujaratvsk.org/** લિંક પર મુકવામાં આવેલ છે, જે ધ્યાને લઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા આનુષાંગિક આધાર પૂરાવા સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. અધુરી કે અસ્પષ્ટ આધારોવાળી અરજીઓ દફ્તરે કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ તેઓના એકાઉન્ટમાં મળેલ પોતાના જિલ્લાની શાળાઓની ઓનલાઈન અરજીઓ સંદર્ભે ઠરાવની જોગવાઈ મુજબ સ્થળ તપાસની કાર્યવાહી પૂર્ણ કરી તારીખ ૩૦ જુલાઈ ૨૦૨૬ સુધીમાં કમિશનર,શાળાઓની કચેરીના એકાઉન્ટમાં જરૂરી રિમાર્કસ સહ ઓનલાઈન સબમીટ કરવાની રહેશે.

(૪) હાર્ડ કોપીમાં મળેલ દરખાસ્ત તથા સમય મર્યાદા બાદ અરજી કરવાની છૂટ આપવા બાબતની અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : .....................**

**સહી/-**
**કમિશનર**
**શાળાઓની કચેરી,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**